હાથી પટેલની વારતા.


૫૬૦૧

સર્વે શોખીન સજ્જનોને માટે

છપાવી પ્રસિદ્ધ કરનાર

બુકસેલર જેશંગભાઈ મોતીલાલ શાહ.

ઠે. રીચીરોડ—અમદાવાદ



અમદાવાદ—વિશ્વેશ્વર પ્રેસ.

સંવત ૧૯૫૦. સને ૧૮૯૪.

હાથી પટેલની વારતા.

સર્વે શોખીલા સજ્જનોને માટે
છપાવી પ્રસિદ્ધ કરનાર
બુકસેલર જેશંગભાઈ મોતીલાલ શાહ.
ઠે. રીચીરોડ—અમદાવાદ



અમદાવાદ—વિશ્વેશ્વર પ્રેસ.

સંવત ૧૯૫૦. સને ૧૮૯૪.

હાથી પટેલની વાર્તા.

ચોપાઈ:—દાતા દેવ દુંદાળો દેવ, સુરસનકાદી કરે નીત શેવ; સિંદુર સેવતાં શોભીત સાર, ઉત્તમ મોદક અમ્રત આહાર. તેત્રીશ કરોડ પેહેલો પુજાય, રીધ સીધ સકળનો રાય; સાચી માત સારદા સરસ્વતી, મયા કરો આપો શુભ મતી. જોગ વાત બોલાવો જથા, કહું શુક બોતેરી કેરી કથા; બુધનીધાન બહુ ગુણ બાળીકા, કલ્યાણ રૂપકળા કાળકા. છપા—જગદંબ અંબ જગદીશ, ઈશને શીશજ નામું; ધરમ ધુરંધર ધીશ, જર ઝાઝી સંપત• પામું. આઠ જામ અહરનીશ, દીશપત પુજુ પ્રીતે; પુરણ વશા એ વીશ, રાજ- સગુણ રંજત રીતે. ચાતુર ચોસઠ ચોગણી, તેત્રીસ કોડ દેવને દે- વાયો; સામળ કહે સુખ પામીએ, જો શુભ પ્રકારે શેવિયો. ચોપાઇ:— અઠાવીશમે દીવસે અતિ રૂપ, ભામની ચાલી બારે ભુપ: મદ જરતી હેને હાથણી, અઇરાવત સરખી સાથણી. નૌતમ વાત નેહે નરખ તી, કામ બાણ વરસા વરસાવતી; હસ્તી હજારે હીંડોળે કીધ, સિંહ લાએક સંગાથે લીધ. કોસ કપોતને કરનામ કીર, ભોરંગ ભયાનક શુધ શરીર; શોળ શણગાર સ્વરૂપે સજી; ભલી ભાતથી ભામની ભજી. સજ્યા નખ શીખ સિંદુર સોળ, મુખ બોળાં તાતાં તંબોળ; જાવક રંગ રંગી પાનીયો, કનક કટોરી નૌતમ નારીયો. ઠમક ઠમક ધરે વરતી પાય, ગુણવંતી ગીત શુભ મુખે ગાય; કામ કળા કામન તે કળે, તરૂણી આવી પાંજર તળે. સમજ્યો પોપટ પુરણ પેર, આવી ચતુરા ગુણવંતને ઘેર; શામ દામ ભેદે નાંખીએ, રામાને મં- દીર રાખીએ. એ સાથે અહંકારજ કરૂ, તો મેનાંની પેડે મરૂ; એને હેઙ કહાપણની કોટ; કામની ગરદી નાંખે કોટ. એને કદાચ દેઙ

જો આંચ, મરડે પાંખને ભાગે ચાંચ; એને ગમતું બોલું એ સાથ, હૈડું રાખું પોતાને હાથ. એના મન ગમતી બોલું વાત. તો તો રામા રેહેશે રાત ભલે ભલે આવ્યાં ભામની, જોખ કરવા ચાલી જામની. સાચું કે જુઠું છે તેહ, નાર કોણ પુરૂષશું નેહ; એમ કહીને બોલ્યો વાણ, સાંભળ ચતુરા ચતુર સુજાણ. દોહરો—ત્યારે બોલી તારણી, સાંભળીએ શુક વાત; જાર વિધા જાશું અમો, રીદ્ધ સુખ આખી રાત. સુખે જાઓરે સુંદરી, લ્યો લાખેણો લાહો; સુખસાગ રમાં ઝીલજો. ખાંતે અમૃત ખાઓ. કદાચ કાંઇ સંકટ પડે, પડે વિજારીનું કામ; તો ત્યાં ચરીત બતાવજો, થીરતા થઇને ઠામ. હેતુ પટેલ હાથી તણા, હાસા નામ હજુર; ચરીત્ર કર્યું તે કામથી, પરાક્રમ કીધું પુર. તેવું કામ કરજો તમો, જો કાંઈ સંકટ હોય; જખ મારી સૈકો જશે, કળી શકે નહીં કોય. પગ ખેંચી રહી પ્રેમદા, ધારણ રાખી ધાર; કોણ હાથી હાંસા વહુ, કહો તે ડહાપણ કીર. છપા—નારી ચરીત્ર નવલાખ, વરણવી ન શકે વેદ; ભણી જાણે જે ભારથ, ભમાવે બ્રહ્મા ભેદ. શુરા નર સમરથ, કામ આગળ કાયર; પંડિત પંચ પ્રમાણ, માનથી મુરખ માથર; ડાયણ દસ કરોડ ગમે, ગોઝી આગળ ઘેલા સહુ; અજીત જીતાએ જુવતીએ, સામળ કહે બુધવંતા બહુ. હરીશ્ચંદ્ર ઇંદ્રને ચંદ્ર, વીરચી વાયુ વરણ; યુધિષ્ટર અરજુન જશવંત, ભોજ વિકરમને કરણ. દશ અવતારીક દેવ, મારકુંડ માધાતા મહીપત; જેની સતીને સીદ્ધ, રાય રંક રાણા ચિતવંત. એ નિપન્યા સરવે નારથી, લેખક પાઠક લખ પતી લહ્યા; કુખમાં રાખ્યા કામની, તો કહે સામળ જીત્યા કયા, શુરા શસ્ત્ર સોહંત, પ્રૌઢ પ્રતાપીક પોઢો; હસ્તી દંતોશળ હાડ, પાળે ધણા મુછી ઘોડો; અગ્નની તણી સેહે આંચ, હળાહળ ઝેર પચાવે; નાખુ ગોળા રણતુર, માહા રણ જુધ મચાવે; વંતર જક્ષને વશ

કરે, માહા જોર મરોડમાં, સામળ કહે અીને જીવી શકે, કોક લાખ કરોડમાં. લોહ ગોળાના માર, મારકણા જે છે ગીહા; નાર નેણાંનાં બાણ, સેહે તે કોઈ નવ દીઠા, સત સહસ્ર લાખ કરોડ, હોડેથી સર્વે હાર્યા; જુવતીને નવ જીતે કોય; માયાએ સર્વે માર્યા, એક કંચન બીજી કામની અજીત કહેવાય છે કથી; સામળ કહે કંચન જીતે તે કોટીધ્વા, નાર જીતે તે કો નર નથી. ચોપાઈ—પક્ષી એ હ્યો આણી પ્રીત, હું તુજને રામાની રીત; ઉજન પ્રગણે અતી અનુપ, બાધીસંધ એક ભારે ભુપ. નંદાશું ગણાતું નામ, ઉજનથી એક જોજન ઠામ; હું સનાગ પટેલ હાથીગો, સુર સાંમત શોભીત સાથીગો. સાત હળ તો પોતા તણાં, બીજાં ગામ માંહે છે ઘણાં; દાસ દાશીઓ ઘણાં છે ઢોર, ત્રણ પ્રકારનો તેનામાં તોર. રાજમદ જોબનમદ જર જીત, રાજદ્વારની ચલાવે રીત; લક્ષમી ઘરમાં શોભે ઘણી, અલખત કેરો છે આપ ધણી. દોહરા—ઝુકાર્યો વાધ એ ઘણું, ફુલાવ્યો બહુ ફુલંત; ભાભો કણબી ભોળો ઘણો, હેતેથી ડોલંત. માન માગે મોટમ કરે, મેર સમો મહીમાય; હાથ ઓડાપણ હળીપતી, સહુ દાતા માંહે સમાય. છપા—પટેલ આગળ પાદશાહ, આપ આપે કર ઓડે; પટેલ આગળ પંડીત, લેણ જશ જાચક જોડે. પટેલ આગળ ગરાસ, મીન મુકીને માગે; પટેલ આગળ લક્ષ લોક, પામર થઈ પાગે લાગે, પટેલ પાળે પસાયતા, જગત જીવાડણ જાણીયા: પટેલ વડો પાદશાહ થકી, તો કોણ માત્ર વાણીયા. વણીક હોય શ્રીમંત. કીંકર કણબીથી હારે; કણબી આગળ બીજા વરણ, ધરમ રેખ નવ ધારે. કરોડપતી હોયે વણીક, તોએ ગણે લક્ષ લખું; દુરબળ કણબી દાતાર, ડાહ્યા કહે સબળે દેખું. જાણ હશે તે જાણશે, અહંકારી અહંકાર આણશે; સામળ શીમા આપ્યા તણી, માણુજણ મન માનશે. ચોપાઈઃ—કણબી કહાવે કરવુ કરણ, અહ

રણુ કેસ એ શરણ; કણબી કેરા ઉપર હાથ, સતવાદી સમજે સહુ સાથ. દોહરા.—વખાણ્યો વાધે નહીં, જો કરશો તરણનો મેર; કણબી જ્યાં મણુ ગણો, ત્યાં અધીક તણું પારોર, ચોપાઈ—પટેલ વડો હાથી કહેવાય, ધલહલ ધ્યાન તણી ધજાય; ઘરમાં અલખતની નહીં ખોટ, માગણ આવે બાંધે મોટ. હાંસા નામે ધણીઆણી ધરમ, સહુકો માને તેની શરમ; કરમવતી જક્ષવતી જાણ. પંચ વાત કરે પ્રમાણ. નરનારીને અદકુ હેત, સોંપ્યું તન મન ધન સમેત; બે જીવને જુજવી દેહ, પ્રીત જેવી બપૈયા મેહ. હીરો કુંદનમાં રેહે જે જડી, અળગાં ન થાય એકે ઘડી; પુરૂશ પ્રેમદાને પુરણ પ્રીત, રૂડી રૂડી વધારે રીત. પટેલ હતો પ્રગણાનો પતી, રૂડી કરમની રેખા રતી; ગામ વસાવવા તેતો ગયો, ત્યાંતો એક તમાશો થયો, રસોઇ કારણ વિપ્રને ઘેર, પટલ પધાર્યો પ્રિતે પેર; ભોજન કરી રહ્યા ત્યાં રાત; પંચ ઉઠી જાશું પ્રભાત, ગરીબ કણબીને ઘેર દીકરી; છે કુંવારી નથી તે વરી; તેર વરસની વેસે ચડી, પટેલ હાથીની દ્રષ્ટે પડી. વીધાતાએ ઘડી હોય હાથ, પટેલે પુછ્યું વિપ્રને સાથ; સવા ગજના શીરના કેશ, જોબનવંતી બાળે વેશ. પટલે પુછી વિપ્રને વાત, આ જુવતીની કોણ છે જાત; કોની દીકરી એનું શું નામ, પરણી છે કે કુંવારી કામ. ત્યારે વિપ્ર વળતું બોલીયો, મન તણો પડદો ખોલીઓ. રૂડા કુળની રૂડાં નામ, પાટીદાર અમારે ગામ. તેનો વડઓ હમણાં મુવો, માસીસો તો કાસે હુવો; જીની માને એ મીરાત, રૂડી દેવ કન્યા સ્ત્રીઆત. પણ તે પટેલને નહોતો પુત્ર, ભોગદારી ઘરનો ઘરસુત્ર; તરૂણી જોઇને ટળક્યું મન, નાવી નીંદ્રા ન ભાવ્યું અન્ન. ગુણવંતો આવ્યો તે ઘેર, પ્રેમદા આગળ પરઠી પેર; હાસે રહ્યા હતો જે ગામ, દીઠ એક દીઠું તે ઠામ. તેર વરસની તરૂણી એક, વિનતા જોબન વડા વિવેક; અધીકા કર્યા અન્યાય, મેં જાણ્યું

પરણું કન્યાય, મારૂં તન મન તેણીએ હર્યું, તમ બીન્યો તેણે નવ કહ્યું; તમો ડુબાઓ તો કેમ થાય, તું ડુબાય તો જીવજ જાય. મારે તો તન મન તું ધન, માનની સાથ વળગ્યું તું મન. વરસ પ. બેસતો સુજને હોય, કામની એવી દીઠી નહી કોય. વારંવાર કહું શું તુને. તેણીએ વેચાતો લીધો મુને; કાંઈ નથી કહેવાનું કેણુ, સત્ય કરીએ માનો વેણુ. દોહરા.—નારી કહે નાહોલા, મેં કઠણ. સાંભળ્યા કરણ; કોટી સમ ખાઈ કહું, તે પ્રેમદાને પરણુ. શીવ આશા સાચી કહૂં. નથી દૂભણુ દક્ષ દાખ; એ વાતે હું દુખ ધરૂં શ્રી સૂરજની સાખ્ય. રળીયાત પરણો રાજવી, સાચો એ અક્ષર સુત્ર; વંશ વાધશે આપણો, પામશુ રૂડો પુત્ર. અજર કશી એ વાતમાં, મોળીએ માગ્યું આજ; જર ખરચે તે જોખમાં, કરો એ રૂડાં કાજ. એ વાતે સુજને દૂખ નહીં, પરણો રૂડી પેર; એ ગુણવંતી ગોરડી, તે લાવો આપણે ઘેર. મેણું ટળશે વાંઝણું, ચતુરાઈ તેની ચાલ; કન્યા લખી હશે કરમમાં, તેઃ ગયા તમો ત્યાં કાલ. ગોર મોકલ્યો ગામનો, લખી કંકોતરી લેખ; પહેલું કરશું શત પાંચનું, બીજાં વસ્ત્ર વિવેક. વિપ્ર ગયો તે ગામમાં, મળ્યાં તે માતને તાત; અથ ઈતી માંડી કહી, વીવાહ કેરી વાત. પીતા કહે પંડીત સુણો, એ વાત ન બેસે ચોક; દેશું નહી અમો દીકરી, જેના ઘરમાં શોક્ય. શોક્ય સમું કો સાલ નહીં, સૌક્ય સમો નહીં રોગ; શોક્ય સમાને દુખ નહીં, શોક્ય તેહના ભોગ. લક્ષ વીંછીની વેદના, પગલે પગલે પીડ; શોક્ય માંયે શલા પડો, કોડ કાનમાં કીડ. લક્ષ આગઅગની તણી. લક્ષ સરપનું ઝેર; લક્ષ કટકા સમશેરના, તેવું શોક્યનું વેર. લક્ષ તાવ હોય ટાહાઢીઆ, લક્ષ હોય ક્ષય રોગ; તેથી અધીકું દુખ શોક્યનું, આવે નહીં કંઈ ભોગ. છપ્પા—જેના ઘરમાં શોક્ય, કામણુ દુમણુ તે પાસે; જેના ઘરમાં શોક્ય, તેહથી અળગા નાસે જેના

ઘરમાં શોક્ય, સુખ તેને ક્યાં ખપનાં; જેના ઘરમાં શોક્ય તેહને તો છાનાં છપનાં. જેના ઘરમાં શોક્ય છે, વિનતાઓ આખો દીન વઢી, સામળ કહે સ્વામી શોક્યનો, સુખે નવ સુવે એક ઘડી. જેના ઘરમાં શોક્ય, તેણીએ બ્રહ્મહત્યા કીધી; જેના ઘરમાં શોક્ય, થાપણ પારકી લીધી. જેના ઘરમાં શોક્ય, તેણીએ ભૂત ઉથાપ્યા. જેના ઘરમાં શોક્ય, ગળાં લોકોના કાપ્યાં. નવાણ પુરાવ્યાં નીરનાં, માર્યાં સાપને સાપણી; સામળ કહે શોક્ય એ શ્રષ્ટીમાં, અરસ પરસ એ પાપણી. લોઢી પનોતી લખવાર, ભોઢાને પાએ હોયે; મંગળ ચોથો મેળ, કહણ કજોગે કહીએ. બારમો રાહ બળવંત, દશા પણ રાહુની રોગે; નવગ્રહ નિરબળ નીચ, ભાગ્યહીણના ભોગે. એટલા ગ્રહ જેમ દુખ દીએ, કલ્પ વેઠાવે કાળનું; સામળ કહે તેથી શત ઘણું, દુખ શોક્યના સાલનું. ચોપાઇ—તે કન્યાએ પ્રીછવ્યો તાત, મા આગળ માંડી કહી વાત; જખ મારે છે શોક્ય માહરી, હું તો છું પુત્રી તાહરી. જેવું કરશે તેવું ભોગવે, ન્યા અન્યો આપે જોગવે; સારી શિક્ષા દેઉ તુને, સુખે ત્યાં પરણાવો મુને. શોક્યનું દુખ તમને નહીં કહું, દુખ સુખ સરવે સાંખી રહું; હરી કરે તે સાચું હોય, એવો વર મળે નહીં કોય. માંબાપે વિવાહ શુદ્ધ કર્યો, તે વરને વિનતાએ વર્યો; હેત પ્રીતને ઉલટ ભેર; વીનતા આવી વરને ઘેર. ખાતું પીતું નખેલતું, રિદ્ધ સમ્રધમાંહે રેલતું; બે શોક્યોને જેવી પ્રીત, જેવા રાજઘીયાની રીત. છપા—હસ્તી સીંહને પ્રીત, પ્રીત વાઘને હરણાં; અજ ગજને પ્રીત, પ્રીત તાપને ઝરણા. ઉંદર બલાડીને પ્રીત, પ્રીત માનીને સ્વાના; પ્રીત સરપને નોળ, પ્રીત લગનને ધાના. પ્રીત વિપ્રને વરતિયો, પ્રીત અસુર સુર ચોકનું; સામળ કહે પ્રીત સહુ પ્રીછજો સકળ શ્રષ્ટીમાં શોક્યનું. પ્રીત સરપને ગરૂડ પ્રીત કાગળને પાણી; પ્રીત સતી ગુણકાય, તજે તલને તે ઘાણી. પ્રીત અગ્નીને નીર,

પ્રીત જેમ સાચું જુઠું પ્રીત તસ્કરને શાહ, પ્રીત રીઝવણુને રકુ. એમ પ્રીતવર લક્ષા ગમે, કહે સામળ કહું કથી; દુખ દેનાર સંસારમાં, શોક્ય સમાન બીજું નથી. ચોપાઇ—માસ છ માસ થયા જેટલે. બેઠયાં બે જણ ત્યાં તેટલે, અરસપરસ હેરાં માંડીયાં. અંતર હેત છેક છાંડીયાં. કામણુ દુમણુ માંડયાં તરત, શોકય સબંધી જેની સરત; એ વાત અહીંયાંથી રહી, પછે તે બેની શી ગત થઇ. દોહરા—વડી શોકયે વિચારીયું, પ્રસવશે નાની પુત્ર; માન પામશે માનની, ભોગવશે ઘરસુત્ર. નાની સ્ત્રીએ વીચારીયું, એ શું ડાહી થાય; એ જીવેથી સુખ નથી, મરેથી ભાવઠ જાય. બે જણીઓ બેના કામમાં, નીચ બુદ્ધિએ ખરચે દામ; પ્રપંચમાં બે પ્રેમલ, કરવા પાપનુ કામ. કામણુ કરાવે કોટીધા, અતિઘણા કરે અંધ; દોરા ચોઘણી ચીઠીઓ, તે ધણી ન જાંણે ધંધ. વડી મળી એક વિપ્રને, મનમાં રાખી મેલ; વાંકડમલ વરણાગીઓ, છોગાળો તે છેલ. તાજુ રાખે ટીપણું, જોશી માંહે જાણ; વિખ્યાત બાધી વીશ્વમાં; પંચ કરે પ્રમાણ. નીત્ય આવે નારી કને, ગુણ જાણે સહુ ગાય; વાંકોને વિદ્યા ભણ્યો, નરભો તેનું નામ. કામની કહે કહોતે કરં, સોંપુ ધન ઘર સુત્ર; વિનતા રહે વાંઝણી, પ્રસવે નહીં એ પુત્ર. મહીના ભરાય જો માહરો, જો વાગે મારૂં માન; તો તમને સોંપુ સરવ, તન મન ધનને ધાન. વારૂ કહી વિપ્ર ગયો, વપુએ વીચારી વાત; એહ વાત જાણી પડે, તો થાએ મહા ઉતપાત. હા કહીને તે નીસર્યો, દઇ દીલાસો તે દીશ; કદાચ કાંઈ જાણશે, તો જાય અમને શીશ. બીજી શોકયે વરતીયો, તેડાવ્યો એકાંત; વાત સરવે માંડી કહી, ભાંગી મનની ભ્રાંત. પુજ્ય ઉપાય પ્રીતે કરો. વશ થાએ નીજ નાહો; મારૂં કહ્યું જો એ કરે, તો લીજે લાખેણો લાહો. પુજ્ય પૂજાઓ છો પ્રગટે, કામણુ દુમણુના રાય; મરજો મારી શોકયડી, તો

મંત્રની બાંવટ જાય. કહાંય શોકય મરે નહીં, જડે નહીં તુજને જાગ; જબ રાખ એને વાંઝણી, પ્રણમું તારે પાગ. ટળે શાલ જો શોકયનું, પામું જો હું પુત્ર; તો તમને સોંપુ અમો, તન મન ધરસુત. જે માગો તો આપીએ, સ્નેહ કર્યો તે સાથ; કોલ પરીયા પચાસનો, હેતે આપ્યો હાથ. વારૂ કહી વરતીક ગયો, દીલ દીલાસો દીધ; મોરએક સોના તણી, લોભ કરીને લીધ. સહુ સહુને કામે થયાં, પોતે પોતાને પંથ; આપ આપણું ડાપણ કરે, તે કાંઇ ન જાણે કંથ. એક એકના હેરાં કરે, એક એકની પરઠે પુંઠ; કો કોને કહી નવ શકે, કરે તે માથાકુટ. સઘ વિદ્યા કોમાં નહીં, સાચો ન મળે સંચ; ફો-કટ તેતો ફંદ રચે પેટ તણા પ્રપંચ. માગી ખાય મધુગીરી, ઉંડલે બાલે આભ; સિધ શાનો હોય શેવડો, કહે તો ફરે ધરમ લાભ.

છપો.—કોએક સિધ સુજાણ, કોએક જવલ્લા જોગી; કો સત વિદ્યા સુર, કોયક બ્રહ્મ વિદ્યા ભોગી. કોયક ભાવીક ભગત, કોઇક પરમારથ પ્રીતે; કોઇક સત્ય સપુત, કોઇક ન્યાવટ નીતે; કોઇક ધાતુર વિદ્યા કરે, કોઇકના મંત્ર સફળ ફળે; સામળ કહે રખે માનતા સઘ વિદ્યા સોંધી મળે.

ચોપાઇ—વિપ્ર વરતીયો પરમ પવિત્ર, મન માન્યો મોટો મીત્ર; જાણે એકમાડીના જણ્યા, બારે વિદ્યા ભાવે ભણ્યા. નીત્ય એકઠા રોખે રહે, એક એકની વિતક કહે; ખાવું પીવું ને સુખ દુખની, ભોગ જોગ ભાવક ભુખની. છાના છપના કહે એકાંત, ભાગે પોતાના મનની ભ્રાંત; પાપ પુન્ય કે વેર વાંકની, કરે વાતા રાઓ રાંકની.

દોહરા—રળીયાત એક દીવસ સમે, સાંચી વિચારી સુજાણ; એકાંત તેડયો એણીએ, પોશાળેથી પુજ્ય. દાડી કરો છો વાયદો, આ-જ નહીં આવો ચત; તો તો ઝેર ખાવું થશે, વીપરીત થાશે વાત. શુક કહે સુણ પ્રેમદા, તું દાણા ભરીને એક; ઘેર ના હોય તારો ધણી, તે દહાડે મુજ તેડ. રિઝિ રામા હરખી વિશે; અધિક [illegible]

આલ; કંથને કહાડી મુકશું. કોડ વસાએ હાલ. તારે વિદ્યા હોય જે-ટલી, તેટલી લાવજો તરત; મારે આવે દીકરો, શોક્ય તો પામે મ-રત. મારા સમ કહે માનની કેવું કરોછો કામ; જરૂરી જરૂરી આ-વજો, વચમાં આણ્યા રામ. સુરજ ચંદ્ર સાક્ષી કર્યા, જો નાવે તું આજ; તો તો કાઢી મુકશું ચુકશું રૂડાં કાજ. વરતિ કહે વિનતા શુણો, એ હસ્તિને ઘેર હરણ; હું પુજ્ય એ પટેલીયો, માથે આવે મરણ. શિયાળ પરોણો સિંહ ઘરે, મુષક મંજારી પાસ; અહી પાસે જાએ અળસિયું, જીવ્યાની શી આશ. મેંડક જેમ ફણિધર ઘરે, શાર્દુલ સાથે સ્વાન, અજા જાય જમ ગજ ઘરે, મેળ શું પામે માન. કેને હાથ દેશો તમો, જો કાંઈક સંકટ હોય; શેવડામે શુળી દિએ, વારનાર ન મળે કોય. છપા—ઇશ્વર કેરી આણ્ય. નામ લેવા દણી તારૂં; તારૂં પડે જ્યાં થુંક, મેલું રૂધિર ત્યાં મારૂં. ધન્ય છે તુજ તાત, ધન્ય છે તુજ માતા; ધન્યછે તુજ નામ, લખ્યા જે લેખ વીધાતા. પ્રાક્રમ તુંજ પ્રૌઢું ઘણું, શી રીતે જાએ કહ્યું; સાંમળભટ સાચું કહે, બહું પરાક્રમથી તુજ સંગ બળુ. ચોપાઈ—અરસપરસ એમ બોલ્યા બોલ, કરોડ પરીયાંનો દીધો કોલ; કાંઈ ન રાખ્યો ત્યાં ક્યદો, બીજા દીવશનો કર્યો વાયદો. વૈભુવ રૂડો પોતાને વાસ, પટેલ ગયા પટલાણી પાસ; હું તો છું દાસ તીહરો, એક શબ્દ સાંભળો માહરો. મોટી શોક્ય માતાને ઠામ, મારૂં એક રહે છે કામ; નિર-મળ રૂડાં એનાં નેણ, અમ્રુત જેવાં વદને વેણ. એને શોળમો દહાડો હાલ, ઋતુદાન જુવંતીને આલ્ય; મેં કોક સીધને પુછીયું, જન્મપત્રિ જોઈ સુજીયું. સાચો સીધ સતવાદી સુંત્ર, પરમેશ્વર આપશે એને પુત્ર; આપણાં તો દરિદ્ર જશે એહનું જીવત સફળ થશે. સોરઠા—સોળમે દીવશ શુભ શુભ, વિશ્વ વિધાન વિશે વસા; પરમેશ્વર આપે સુત, સતવાદી સલક્ષણા, સિદ્ધ એ સાચો હોય, પરઘેર જોયું છે પારખું;

કળી ન શકે કોય, ભુત ભવીશ્ય વરતમાનની. ચોપાઇ—જગત માતાનો છે પ્રસાદ, હું આપું -માણી અલ્હાદ; તેમારી બેનનેઆપજો, આખી રાત શીરતા થાપજો. ત્યાં નવ કેશો મારૂ નામ, જેમ તેમ કરવું આપણું કામ; હરખ હેતથી પ્રીતે પાસ, શામાને કહુ સાબાશ, દોહરા—વિપ્રને વતીક મળ્યા, કહી એક એકની વાત આજ રામા રળીયાત ઘેર, રેહેવું મારે રાત. વછનાગ ઘાલે તે લાડવા, આપશે ધણીને હાથ; મોકલે મંદીર શોકયને, સ્નેહ કરવાને સાથ. વછનાગ ઘાલે સંઘડીઓ, ઝાઝુ તેમાં ઝેર; મરશે કે તે જીવશે, વિનતા વિનતામાં વેર. તેને ઘેર મારે જવું રેહેશે રાખી રાત; ત્યાં ગયા કેડ થશે, પાઠવશું પ્રભાત. તે વતીક નથી જાણતો, જે વિપ્ર હંસા ઘેર જાય; તરણાનો મેરૂ થયો, થયો રાંપીનો તે વતીક મુરખ ઘણું, વિપ્રને સોંપી વાત; કલંક પોતાનો કલા થકી. થાશે અતિ ઉત્પાત. વારૂ મીત્રજઇ આવજો રેહેજો રૂડી રાત; આનંદ કરજો અતિ ઘણો, વિગતની કેહેજો વાત. ચોપાઈ—અરસપરસ એમ વાતો કરી, વિપ્રે વાત હૃદમાં ધરી; હાંસી આગળ જઇ જોડયા હાથ. સ્નેહ થકી બોલ્યો તે સાથ. મેં પુરશવચન કીધું તાહરું, મહાદેવે માન્યું માહરૂં; કહું તે વાત મનમાં ચોન, સો વસા કાલ મરે તુજ શોકય. કંથ તારો એ ઉપર કોપશે, શોકય તણી લજ્જા લોપશે; એના ઉપર કોપીયા છે ઇશ, સ્વામી છેદશે એનું શીશ. એને ઘેર વતીક આવશે, કામણ ડુંમણ લોભે લાવસે; હાંશ કરતાં થાશે હાણ્ય, પતિ લેશે પ્રેમદાના પ્રાણ. દોહરા—લાડુ મોકલશે લાખેણા, જેમાં ઝાઝું ઝેર; તુજને મારવા કારણે, વાળશે એતો વેર. તે લાડુ તું ખાઇશ માં, કંથને કેહેજે કેણ; મેં તુજને જેટલું કહ્યું, તે તું વદજે વેણ. માંટી જો માને નહીં, તો લાડુ લેજો હાથ; માંટીને ત્યાં મોકલી, તુ પણ જાજે સાથ એકાંતે રેહેજો બે જણાં, જોજો સરવે સુજ; વાત કરે તે સાંભળે, એક પ્રેમદા

બીજો પુજ્ય. ખાય ખુશી કરે ઘણી, દેખાડજે તું દીશ; ભાવટ જાશે ભવ તણી, સ્વામી છેદશે શીશ. તારે વશ થાશે ધણી, નર થાશે તારે નામ; પછે પુત્ર પામ્યા તણાં, જોજે મારાં કામ. શોકયને વાલી વ-રતીઓ, શોકયને વાલો ભ્રમ; એક એકને મારવા, કુટી મરે છે કરમ. સંભળાવી વાત સંચર્યો. ચતુરાં ચેતી ચિત; પાંજરામાં પ્રલે થઇ, રામાની એ રીત. બીજે દીવશે શું નીપન્યું, પ્રીતે હરખો પ્રભાત; સંજ્યા સમે સ્વામી કને, વિનતાએ કહી વાત. મીઠા મોદીક મોકલ્યા, ઘ્રત સાકરમાં ગોળ; સ્રીની બુધ છે પાનીએ, તનમાં વાત નવ તોલ. પાન ફુલ લઇ પરવર્યો, હાંસા જવા છે હરખ; પ્રપંચ પટેલ નથી પ્રીછતો, કામની કપટના કરમ. આસ્વાગત અદકી કરી, માનનીએ દીધાં માન; વળી તે મુખ આગળ ધર્યા, લાડું ફુલને પાન. બેટ મો કલી ભાવશુ, તારી નાની બેન; વિશ્વંભરીનું વ્રત કર્યુંએ માગ્યું છે એન. વડી બેનને દીકરો. આવે અતી આલ્હાદ; શુભ મુરત દિન સોળમો, પ્રીતે દીધો પ્રસાદ. સિદ્ધ એણીએ સેવિયો, પરમેશ્વર જેવો પ્રીત; નથી મને દેખાડીયો, રામાની એ રીત. એટલે પેલા વરતી-ઓ, પુજ્ય પવિત્ર પાત્ર; સંજ્યા સમે તે સંચર્યો, જોવા જુવંતી જાત્ર, માન દીધાં તે માનની, ધન ધન આજનો દીશ; આસન બે-સણુ અતી ઘણાં, પાગ નમાવ્યું શીશ. એકાંત થયાં બે તે સમે, આનંદ હેહમાં આપ; વળની ત્યાં શું નીપન્યું, છાનું ન રહે પાપ

ચોપાઇ—પટેલ આવ્યો પટલાણી ઘેર, પ્રીછવે સ્રીને બહુ પેર; ધ-ણીઆણી કહે સાંભળ ધણી, તારે મારે પ્રીત છે ઘણી. તું તો મારો બાબો ભુપ, રાજવીયાં રડીઆળો રૂપ; ભામની ભોળવે ભોળવાય છે, જુદા જુદા સંમ ખાયે છે. કામનીએ કર્યા છે ફેર, લાડુ માંહી ઘાલ્યું છે ઝેર; હેત હરખ મુજથી હારવા, મોકલ્યા છે મુજને માર-વા. તે વાત તું નથી જાણતો. અંતર જ્ઞાન નથી આણતો; શોકયો

શોકયોમાં છે ખાર, અતિશે વેર છે અપરંપાર, તારૂં કહ્યું તે હું કેમ કરૂં, લાડુ ખાઉંતો નિસ્ચે મરૂં; મોકલ્યા છે બાવઠ કાહાડવા, શોકયને સુખ પમાડવા. એ લાડવા તો ખાઓ તમો, અંતકરણથી આપું અમો. તમને રૂડું મનાવા કારણે, તેડયો પુરૂશ કો બારણે; તે સાથે મોકલે એતો કરે, કહે છે શોકય વણખુટે મરે. કાલનું જાણુ તે મુજને થયું, આજ તમને માંડીને કહ્યું; વછનાગ શીંગડીયો તે ઝેર, કામનીએ લાડુમાં કીધો ફેર. લાડુ એતો સોકયજ ખાય, જાણેછે ભવની બાવટ જાય; ભલે ભલે તમે આવીયા, ઝેર તણા લાડુ લાવિયા. તુંજને તો કાઢી મુકિયો, કોક નર મંદીર ઢુકીયો, કામણ દુમણ કરાવે ઘણું, મુજને મારવા મનડુ તે તણું. દોહરા—માંટી કહે કેમ માનીએ, એહ વાતનાં કેણ; એ જુઠા જૂઠા શું વદે. વિનતા વિપરીત વેણ. એને હેત તુજ ઉપરે, તારે મનતો ખાર; એ તુજને ઘટતું નથી એ નહીં તારો વેહેવાર તેનીગે,પુજીછે અંબીકા, પ્રિતે દીધો છે પ્રસાદ; તે મુજ સાથે મોકલ્યો, આણીમન અલ્હાદ. એ ગુણનો અવગુણ વશ્યો, રૂડો ભજવો ભાર; શોકયનો ખાર તારે મને, એને ચઢાવે આળ નારી કહે સુણ નાવલા, આ વેળા તું ઉઠ; પ્રગટ દેખાડું પારખું, હજી બાંધીરાખું મુઠ. ઝેર ન હોએ લાડવે, તો મુજને મારજે ઠામ; નહીંતો તું ને તારી વહુ, ખાશો લાડુ જામ. તેડી જાઉં તારે મંદીરે, દેખાડું પ્રગટ રૂપ; તો હારી નામ મારૂં ખરૂં, જુઠું ન બોલુ મુખ. જાર તારી જુવતી તણો, દેખાડું હું દ્રષ્ટ; તારે મંદીર થતી હશે, અમ્રત કેરી વ્રષ્ટ. કંથ કહે સુણ કામની, દેખાડે આ દીશ; બ્રહ્મ હત્યા લક્ષ કોટીધા, છેદૂં એનું શીશ. પકડયો પ્રાણપતિ તણો, આપ્યા લાડુ હાથ; શોકયને મંદીર સંચરી, પોતે સ્વામી સાથ. માંટી મુરખ તું માહરા, ચતુરાઇ ચિત ચાહો;

એક હું ને તારી વહુ, મુજ દેખતાં લાડુ ખાઓ, ઝેર હોય જો લાડવે, એને ખવરાવું આજ; સ્ત્રી હત્યા ગણું નહી, જો કરે એવું કાજ. નર નારી આવિયાં, વપુ વિચારી વાણ; સહસા કામ કરૂં નહીં, પ્રેમદા લેઉ પ્રાણ. કોડિયામાં કંથ કામની, જુવે જાળિયા માંહ. વિનતાને તે વતીયો, એકાંત બેઠા છે ત્યાંહ. દસ દિવા દશે દિશા, પુજે મહાકાળી માત; અરસ પરસ આનંદમાં, કરે વિનોદે વાત. સાચું જુઠું જોયા વિના, સ્ત્રી સતી કેમ થાય; વિનતા વિનતામાં વેર છે, આચરે કુણ અન્યાય. પુજ્ય કહે સુણ પ્રેમદા, લાડુની શી પેર; માનની હે મેં મોકલ્યા, મારી શોકયને ઘેર. ઝટેલને પટલાણીએ, સરવે સાંભળ્યુ કાન; કર ચાંપીયો કંથ કામની, સરવે સાચું માન્ય. તે વેળા તેની ઘડી, તરૂણી ઉપર તરત; કાઢી કટારી ઉભો થઇ, માનની કેરૂં અંત. વિનતા વતીક નથી જાણતાં, કોહોડમાં જુવે કથ; લાડુ મોકલ્યા મારવા, પાપી એનો પંથ. જો મૂકુ એને જીવતાં, તો બીજો ધરાવું બાપ; મુછ મરડી કરડી દંતને, ઉઠયો અતળીબળ આપ. **ચોપાઇ**—શુક કહે સાંભળ સુંદરી, ચંતમાં વિચારો ચિત્તે ધરી; જુવંતી જુવંતીમાં આણ્યું વેર, પ્રતક્ષ લાડુમાં દીઠુ ઝેર. એ જુવંતી કેમ સાચી થશે, જન જીવતો ઘેર કેમ જશે; સ્ત્રી કેમ કહેવાશે સતી, પાય લાગશે કેમ એનો પતી, કેમ સમસે સામાનો શોક, કેમ વશ થશે સરવે લોક; મોટી શોકય કેમ કર જોડશે, તે કેમ માન મરજાદ મોડશે. મોટી શોકય કેમ પડશે પાગ, કેમ બોલવાશે સૌની આગ; જારી કરતાં સઘળું સેલ, ભોગવતાં મોટું મુસ્કેલ. દીઠું શોકય કંથ સાથમાં, લાડુ ઝેરના છે હાથમાં; વરતિકને વિનતાછે બેય, નર પોતાનો દીઠો નેહ. પુછે ત્યાં શો દેશો જવાબ, લાડુ ખવરાવે આપો આપ; પ્રતિજ્ઞા લીધી છે ધણી, કેમ જીવતી મુંકે ઘરધણી. નારી એ સાચી કેમ થાય, વળી શોકય કેમ

લાગે પાય; કેમ એનું કલંક ઉતરે, કેમ પુજ્ય પ્રીતે પરવરે. કેમ જારીની વિજારી થાય, કેમ અન્યાયનો થાયે ન્યાય; ઉકલે તો કહો મુને, નહિંતર હું સંભળાવું તુંને. ત્યારે પ્રેમદા લાગી પાય, જડે નહીં મુને એકે જાગ; સોએક એતો ખાશે સમ, શોકયને સ્વામી માને કેમ. એતો વિષય વિજારીવેદ, ભાગો પોપટ મારો ભેદ; એતો વાત સંભળાવો કખ્યૂ., ચોવીધ લાગુ તારે ચર્ણ. પોપટ કહે રહો એક રાત, શીખવું વિધા વિજારી વાત; તે કામનીએ દીધો કોલ, બોલ ઉતાવળો એ તુ બોલ, કેમ એણે વિજારી કરી. કેમ સાચી થઈ તે સુંદરી; કેમ ઉગાર્યો એણે પુજ્ય, એહ પડે નહીં મૂજને સુજ્ય. દોહરા—

પોપટ કહે પરભાવતી, સાંભળ ચતુર સુજાણ; કથે દીઠી કામની વાગ્યું હૃદયમાં બાણ. લાડુ કાને સાંભળ્યા, મોકલ્યા કહેતાં જે મુખ પ્રતક્ષ દીઠાં પુજયને દેહમા પેઠું દુખ. પુજયન દીઠું ચડી તણું, વાતતો બેઠી ચોક; ત્યાર પેહેલું સરવે કહ્યું, સમજાવવાને શોકય. જોવા રહ્યાતા જાળીએ, માંટીને કહે માન; ક્ષણ માત્ર ચુડી ખડખડી, કામનીએ સાંભળ્યું કાન. અરે દૈવ હવે શું થશે, કદાચ જોતો હશે કંથ; અધરમ અન્યા અતી, ઘણો. પ્રૌઢો પાપનો પંથ. કાળ ખુટયો દીશે માહરો, માથે આવ્યું મોત; જીવ જરને જશ જશે, ગોકૂળ ભોળા સોત; ચેતી ચતુરા ચીતમાં, લજ્જા થઇ મુજ લોપ; શોકયને સ્વામી જોતાં હશે, તો તો કરશે કોપ. સાનમાં સમજાવ્યો સેવડો, નયણે ભરીયાં નીર; પુજ્ય સુપાત્ર પવિત્રછો; મોઢે બોલી મારા વીર. મારા તો ઈસ્વર તમો, મારા છો પરીબ્રહ્મ; રૂડું કરતાં ભુંડું થયું, અદકો એહ અધરમ. મારી શોકયને દીકરો, આવવા કારણ આજ; તમો કરવુંતું તે કર્યું, કલ્યાણ કરવાનું કાજ. તમે મોકલ્યાતા લાડ વા, મેં મુકયા મારે ઘેર; સરપે ઘરલ નાંખી હશે. ઝાઝુ ચઢયું હશે ઝેર. બે લાડુ મેં મોકલ્યા, મોટી બેનને અર્થ; સવળાનું અવળું થ

યું, વિખ પ્રગટશે વ્યર્થ. એહ લાડુ મે રાખીયો, ખાવા બેઠી તરત; એક મુકયો બલાડીને, તે તો પામી મરત. મેંતો તે ખાધા નહીં, આવી મનમાં આંચ, ફરી નાંખ્યો એ સ્વાનને, પામ્યા અંતજ પાં ચ. ત્યારે જાણ સુજનને થયું, ઘસવા પડીયા હાથ; ક્યાં જાઉને કોને કહું. કરવું કોની સાથ. મરદાન મરદ એ માહરો, શોકય એ મારી માત; કદાચ ખાશે લાડવા, થાસે મહા ઉતપાત. ભરથાર ભામની ભક્ષ કરે, જાશે તેના જીવ; તો મારે મરવું પડે, કોપ્યા સઅને દૈવ. શા પસા અવળું થશે, વિપ થાસે વ્યહવાર; લોક માંહે લજ્યા જશે, કહેશે શોકયનો ખાર. તે માટે હું જાઉછું, ચેતાવવા તેને ઘેર; કદાચ લાડુ ભક્ષ કરે, પછે શી કરીએ પેર. સગજી ગયા તે શેવટે. વિનતાએ કરી વાત; કાંઇક કપટ ઇહાં હશે, થાશે મહા ઉતપાત. સાંભળ બેન સલક્ષણી, ચડી પુજન છે ખત; વાંચન કાંઇ વેડે નહીં, કોઇ ન પામે અંત. શત વરશ સ્વામી તાહરો, ચીરંજીવીત હોય; જન્મપત્રીકા જોતાં જુગત. ગાંજી ન શકે કોય. પ્રશ્ન જોતાં પ્રીછયાં અમો, લાડુ મોકલ્યા સ્વામી સાથ, તે કોએ ખાધા નથી, હેતે ગ્રહ્યા છે હાથ. સોરઠા—વિનતા વરતીક સાથ, કરે વાત જે કારમી; હેતે લાડુ છે હાથ, શોકયને સ્વામી સાં ભળે. માહારી તુતો માત. રખે બીક મનમાં ધરે; જશવંગે તારી જાત, અપજશ ઇશ્વર આપેનહીં. તું સતી શીરોમણી સાર, પેરેપેરે તુને પારખી; અંબાનો અવતાર, જાણે બધા જગતમાં. જોતાં ઉતાર્યું ઝેર, સંદેહ ભાગ્યો સરવનો. એ વિનતાને નહી વેર, કપટ આપણા કરમનો. દોહરા—પુજન એ પુરૂ કરો, હું શોકયને મદીર જાઉં; પ્રસાદ છે જે માહરો, શોકયને આપી ખાઉં. કહું જઈ મારા કંથને, શકત પુજન સુજ: સંતાન શોકયને કારણે, પવીત્ર તેડયો છે પુંજ. હવન કરો પંચાગ્નતે, ઠીક બનાવ્યો દાદ; ગુગળને વળી ઘરતની,

આહુતી એકસો આઠ. નારી કહે નાહી નરમદા, નથી રાખી મેં ન્યુન્ય; શોક્યને આપજો બેટડો, પોહોચું આપુ પુન્ય. એકાદશી એક વરસની, અપવાશ કર્યાં મેં આપ; શોક્યને આપજો બેટડો, એહ પુન્ય પ્રતાપ. વિષ્ણુ પુજા વેદ વરશ. કરી છે મેં કરજોડ; આપજો મને બેટડો, રીઝજો શ્રી રણછોડ. ચોપન પુન્ય ચતુરાએ આપીયાં, હોમી ગુગળ ઘરત; વળતો બોલ્યો વરતિયો, તે વળાએ તરત. પોશા કર્યા મેં પંચ માસ, આઠમ એક સત આઠ; તેહ પુંન્યે તુજ શોક્યને, સંતાન પ્રગટજો સાઠ. એકાશન કર્યાં એકાશણાં, સાચવ્યા શીબાવ્રત સુત્ર; હે પુન્ય તારી શોકને, પુન્યવંત પ્રગટજો પુત્ર. અપવાસ કર્યા એક માસના, પચુસણ પચખાણ; એહ પુન્ય તારી શોકને, પુત્ર આવજો સુજાણ. ચોપન આહુતી ચતુર નર, એક ઘડીમાં દીધ; ઝેર ઉતાર્યું જુવતીનું, કારજ એવું કીધ; વારૂ માતા અમો જાઉંછું, પુજ કહે પોશાળ; વળી જે કહો તે હું કરૂં, વિનતા ઉપર વહાલ. તું તો મારી બેનડી, તું તો ધરમની માત; હું તો ધરમનો દીકરો, સાચી કહું એ વાત. પ્રેમદાને કહે પવીત્ર નર, રહો આજની રાત; મોટી આવે ઘેર માહરો, પરવરજો પરભાત. હું જાઉં છું ઉતાવળી, ત્યાં જઇ શીક્ષા દેઉં; હકીકત કહું માહરી, લાડુ પાછા લેઉં. હજુ પટલ ચોરે હશે, ઘટીકા ગઇ બે રાત; કદાચ લાડુ ભક્ષ કરે, થાએ મહા ઉતપાત. પટેલ મારો જીવડો, શોક્ય મારો પ્રાણ; હાથી કાને સાંભળો, વિનતા કેરી વાણ. તેડી લાવું કંથને, તેડી લાવું શોક્ય; સુવો તમો તો સાથરે, ચોવટ માંહે ચોક. અમો ત્રણે એકઠાં મળી, પ્રીતે જમીએ પ્રસાદ, તમારૂં દરશન કરાવીએ, આણી મન અહલાદ. પુજા સરવે સમરપી, પુજને લાગી પાય; સુવાડયો સુખે શેવડો, જુવતીએ રૂડી જાગ. જાવા માંડયું જુવતીએ, મંદીર શોક્યના માંહ્ય, કંથને પેલી કામની, તોલ કરેછે ત્યાંહ. ઝેર ગયું સરવ ઉત-

રી. વહી ગયું વારે વેહેર; સ્નેહ ઉપજ્યો શોકયનો, માંટીની ઉપજી મેહેર. એતો સાચી સુદરી, છાની નહીં એ વાત; કદાચ એને મારતાં, તો તો થાત ઉતપાત. આંપણ કુડ કપટે ભર્યાં, એના મનમાં પ્યાર; એને આપણ દુભીયે, એતો નહીં વેહેવાર. જાવા માંડયું જુવતીએ; શોકય તણી જે જાગ્ય; એટલે કંથને કામની; પ્રીતે પ્રણુમ્યા પાગ. શાબાશ સાબાશ સુંદરી, સાબાશ એતો પુજ્ય; અમો પાપી જોયું પારખું, તમો સતવાદી સુજ. અથડાશે એ બપિડી, જાશે કયાં રાતરે જાગ; પ્રદક્ષણા પંદર કરી, પતી જઇ પ્રણુમ્યો પાગ. ધન તારા મા બાપને, તેં વાળ્યો આડો આંક; અમો અપરાધી તાહરાં, ક્ષમા કરો અમ વાંક. અમો બાકી રાખી નથી, ભુંડુ કરતાં ભેદ; તું મોટાં મા બાપની દીકરી, અકલવંત ઉમેદ. બ્રાહ્મણુ ભુંડે ભોળવ્યા, ચાડી ખાધી ચેત; અમો અધરમ એ જાણીઓ, ઉતરી ગયુંતું હેત, અજાણે તમને મારતા, સ્ત્રીહત્યા શીર થાત; પર લોક નરકે પડત; દુનીયામાંથી જાત. પાપ બુડેને પુન્ય તરે, ઇશ્વરનો વેહેવાર; ગુણ જાણ્યો તે ગણી ગયાં, અપરમપાર અપાર. પુજ્યને પાગે પ્રણુમ્યાં, તું તો ડાહ્યો દેવ; જ્યાંસુધી તે જીવીયાં, સદા નિરંતર સેવ. ત્રણ જણુ તરતીબશું, પ્રીતે જમ્યા પ્રસાદ; વાણે વોળાવ્યો વરતીયો, આણી મન ઉલ્હાદ. સંતાન પ્રગટયું શોકયને, તે પણ લાગી ચરણ; પોપટ કહે પરભાવતી, કથા શાંભળો કરણ. પ્રતક્ષ ઝેર હતું લાડવે, પ્રતક્ષ દીઠો પુજ્ય; તે અવગુણ ઉડાડીઓ, ધણી કરીને ગુજ્ય. કર્યો ઓશીઆળો કંથને, વશ વરતાવી શોકય· ગુણ વધાર્યો ગામમાં, ચિત વાત ધરી ચોક. ચડયાં કલંક ઉતારીયાં, કર્યું મેરનું તરણુ, શોકય સમેતે સ્વામીને, ચોવીધ નમાવ્યાં ચરણુ. કોણે કલંક ન જાણીયું, કોણે ન ભાગ્યો ભેદ; આચરીત તે એ ખરું, વિષમ વિજારી વેદ. એવી વીધા આવડે, તો તો કરજે કામ; નહીંતો મંદીર-

માં રહો, કહે ધરો શ્રીરામ ખાઓ પીઓ ખુશી કરો, નેક ન રાખસો શુન્ય, પામ્યા છો ને પામશો, જો કરશો કાંઈ પુંન્ય. વિગનરી તે શું થશે, જુવાની કેરો જોર, કાં પુરૂષ કાં પ્રેમદા, ચતુરભૂજ કેરો ચોર. ઝાકળ કેરાં ઝાંઝવાં, ઘડી એકનું સુખ; પરલોકે પડવું નરકમાં, દાવા-નળ જેવું દુખ. જેણે જોબન જીતીયાં, જેણે જીત્યા પરનર નાર; તેહ જન સીધુ તર્યા, ઉતરીયાં ભવપાર. હાથ હૈડાં નવ રાખીયાં, થયાં વ્યસનમાં ગરક; તે બુદ્ધહીણાં બુડોયાં, નીત્ય ભોગવ્યાં નરક. મા ણસને તો છેતરે, કરે વીગનરી વાત; છગીલા જોયે છેતર્યો, અંતર-જામી જગત ચાતુરી હોય જેન ચિત્તમાં, વિદ્યા ભણ્યા જેન નગત; તો રીજવજે રૂગનાથને, તે તો ફળશે તરત. પરપુરૂશ પરનારને, પરધ નને પરજાર; ઝેર હળાહળ જાણજે, અતી તાતા અંગાર. એમારાઆજે ધણી આ લોકમાં, દિવાન દૈવનો દંડ; હાકમ નાત સહોદરાં, લાંબી લોભીને લંડ. પરલોક પીડા ઘણી, જમદુતનુ બહુ જોર; દાવાનળ દુખ દોહિલાં, એ અંધારૂ ઘોર. જેણે જીત્યા જગત જશ, જેણે જીત્યા આપ; વસ્યા તેહ વૈકુંઠમાં, વેદ પુરાણે છાપ. જારી માંહ વિ-જારીયો, નધારે વીચારી ધરમ; તે એક ઘડીમાં ડગરે, કરતાર ક-પાથી કરમ. શામાને શીક્ષા કહી પોપટે રૂડી પેર; એમ વિગનરી આવડે, ગુણવંતી જજો ઘેરઘેર. સાંભળ વાસણના વંશપત, સાંભળ કૌજી કુળદીપ; સાંભળ રખીયલ સૂત રાજવી, જશ તે જંબુદ્વીપ. રૂડા ભત્રિજ રખીયલ તણા, રૂડા રખીયલ પુત્ર; એક એકથી આ-ગળા, શોભીત રૂડાં ઘરસુત્ર. રૂડા દશોંદી રખીયલ તણા, શિરદાર નામ સુભ શેવ; રૂડા ઇષ્ટ રખીયલ તણા, વિરેશ્વર માહાદેવ. શ્રોતા વકતા સમજતા, કહે કવીતા કરજોડ; સામળભટ્ટ કહે બોલજો જયજય શ્રીરણછોડ.

સમાપ્ત.